dakshinayan દક્ષિણાયન
UNIVERSITY NEWS LETTER

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

September 2010 | For private circulation only | Vol. 02 - Issue 42

'નર્મકવિતા' લખી પ્રેમને શૌર્યનો માત ગુજરાતને પાઠ દીધો,
ઘેલી ગુજરાતને 'ગરવી' પદ આપીને જન્મભૂમિ તણો પ્રેમ કીધો;
'દાંડિયો' 'કોષ'ને 'રાજયરંગે' વળી આદ્ય સાહિત્યને જન્મ આપ્યો,
વીર નર્મદ સુધારક નૃવર પ્રખર સાક્ષર તણો સુયશ ગુજરાત વ્યાપ્યો;
તે સ્મરણથી, પ્રશંસા અને ભકિતથી નર્મ-યશ ગાજશે ગગનગામી,
એ અમર દેવ સમ વીર નર્મદ પદે અર્પિયે અંજલિ શીષ નામી.

નિવાપાંજલિ, નર્મદ શતાબ્દી ગ્રંથ, ૧૯૩૩

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

મધ્યકાલીન યુગમાં પદ્યસાહિત્યના સર્જન દ્વારા ગુજરાતી ભાષાને સ્થિર સ્વરૂપ આપી જે અક્ષય કીર્તિ પ્રેમાનંદે પ્રાપ્ત કરી છે તેવી જ અક્ષય કીર્તિ આપણા નવીન ગદ્ય સાહિત્યની શૈલીને દ્રઢ સ્વરૂપ આપનાર સૂરતના સપૂત અને અર્વાચીન ગુજરાતના જયોતિર્ધર એવા વીર નર્મદની ૧૭૭મી જન્મજયંતી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના 'કવિ નર્મદની ઈતિહાસ દ્રષ્ટિ' વિષય પરના વ્યાખ્યાન દ્વારા યુનિવર્સિટીએ ઉજવી.

અર્વાચીન ગુજરાતી કવિતાનો એ આદ્યકવિ છે. એ આપણો પ્રથમ ગદ્યકાર છે. આત્મકથાનો પ્રયોગ કરનાર એ પ્રથમ સત્યનિષ્ઠ આત્મકથાકાર છે. નર્મદ એ પ્રથમ મૂલ્યનિષ્ઠ પત્રકાર છે. મહાનુભાવોને અનુરૂપ છંદ શોધવા મથનારો તથા મહાકાવ્યનો પ્રયોગ કરનાર પ્રથમ સાહસિક કવિ છે. નવા યુગના સંધિકાળે એકલે હાથે ગુજરાતી ભાષાનો કોશ રચનારો પ્રથમ કોશકાર છે. વિશ્વ ઈતિહાસને પ્રથમ વાર ગુજરાતી ભાષામાં ઉતારનાર "રાજયરંગ"નો કર્તા પ્રથમ ઈતિહાસકાર છે. ટીકાવિદ્યાનો પ્રારંભ કરનાર તથા કાવ્યશાસ્ત્રનો વિચાર કરનાર એ પહેલો વિવેચક છે. 'સ્વદેશાભિમાન'ની વિભાવના આપનાર નર્મદ પહેલો છે. પ્રકૃતિએ મંદ અને ટાઢું લોહી ધરાવતી ગુજરાતી પ્રજાને સુધારાના યુદ્ધમાં જોતરનાર એ પ્રથમ સુધારક છે. આવી અનેક બાબતોમાં પહેલ કરનાર પ્રથમ સમયમૂર્તિ એ આપણો નર્મદ છે.

પદ્મશ્રી કુમારપાળે પોતાના વકતવ્યમાં "રાજયરંગ"ને કેન્દ્રમાં રાખી 'કવિ નર્મદની ઈતિહાસ દ્રષ્ટિ' વિષય પર બોલતાં જણાવ્યું કે- ગુજરાતી ભાષામાં ૧૮૦૮ થી ૧૮૬૭સુધીમાં મળતા ઈતિહાસના કુલ ૫૪ પુસ્તકોમાં ગુજરાતનો ઈતિહાસ, મહારાષ્ટ્રનો ઈતિહાસ કે રાજસ્થાનના ઈતિહાસથી માંડીને ભાવનગરના રાજાઓની વંશાવળી અને શેર-સટ્ટાની તવારીખ જેવાં પુસ્તકો મળે છે. નર્મદે "રાજયરંગ"માં ૫૦૦૦ વર્ષનો ઈતિહાસ આલેખ્યો છે.

ઈતિહાસનો મહિમા ગાતાં નર્મદ લખે છે :

ઈતિહાસો વાંચવાથી ઝાઝા ભકિતમર્મ સમજાયે,
શૌર્ય પરાક્રમ પ્રગટ તાહરે થયેથિ જશ લેવાયે.

ઈતિહાસ પુરુષનું ઈતિહાસ દર્શન શીર્ષક તળે "રાજયરંગ"ની પ્રસ્તાવનામાં શ્રી રમેશ શુકલ નોંધે છે કે, " રાજયરંગ ગુજરાતી ભાષામાં લખાયેલો જગતનો પ્રથમ વ્યવસ્થિત ઈતિહાસ છે. તેને પ્રો. કેશવલાલ કામદારે 'ગુજરાતમાં... એચ.જી. વેલ્સનું કર્તવ્ય' તરીકે બિરદાવ્યો છે." નર્મદ આ ભગીરથ કાર્ય એ સમયે કરે છે જયારે ઈતિહાસ વિશે શિક્ષિત વર્ગમાં પણ બહુ થોડા લોકોને તેની સમજણ છે, એવે સમયે નર્મદ અર્વાચીન સમયના ૨૦૦ થી વધુ ગ્રંથોનો અભ્યાસ કરી "રાજયરંગ" લખે છે એ કોઈ નાની ઘટના નથી.

નર્મદ શતાબ્દી ગ્રંથમાં શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી નર્મદને 'મહાવરાહ' તરીકે નવાજે છે. તેઓ લખે છે, "અંધકારમાંથી પાટણનાથોએ ગુજરાત તાર્યું ત્યારે, સાહિત્ય, વિદ્યા ને સંસ્કારની નવસૃષ્ટિ તારી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રે. મુસ્લિમ જુલમની દારૂણતામાંથી ભાગવત ધર્મે ગુજરાત બચાવ્યું ત્યારે સાહિત્ય, ભકિત ને નીતિનું જગત આણ્યું વૈષ્ણવજન શિરોમણિ નરસૈયાએ. મરાઠા અંધાધુંધીમાંથી પૂર્વ પશ્ચિમની સંધિએ, પુનર્ઘટનાકારો

ફાંફા મારતા ત્યારે નર્મદ આવ્યો. એણે પ્રલયજલમાં ડૂબકી મારી; નવગુજરાતને આણ્યું-નવગુજરાત, સાહિત્યને સંસ્કારની સુવાસે સરસ, પરાક્રમ ને પ્રણયની સંજીવનીએ નવજુવાન."

'પ્રજાઘડતરનો વિધાયક' તરીકે શ્રી અનંતરાય મણિશંકર રાવલ નર્મદને સંબોધે છે. કવિની એકનિષ્ઠ શારદોપાસનાને તેઓ ગુર્જરીગિરાને હિંદની અન્ય ભાષાઓની સમુજ્જવળ હરોળમાં ન આવે ત્યાં સુધી પાઘડી ન પહેરવાની અપૂર્વ પ્રતિજ્ઞા લેનાર મહાકવિ પ્રેમાનંદ સિવાય, ગુજરાતી સાહિત્યના ઈતિહાસની ઘટનાને અમર ગણાવે છે. સતત ચોવીસ વર્ષ (૧૮૫૮-૧૮૮૨) "કલમને ખોળેની ટેક પાળનાર નર્મદે એવું સાહિત્ય પ્રકટાવ્યું કે જેણે મોહનિદ્રામાં સૂતેલી સમકાલીન ગુજરાતી પ્રજાને ઢંઢોળી જાગૃત કરી, પ્રેમ-શૌર્યનો અણમૂલ આદર્શ આપ્યા અને પ્રજાના નવઘડતરમાં જાણવાજોગ ફાળો આપ્યો. વહેમી, ધર્માંધ, અજ્ઞાન, કુસંપી, કાયર, પ્રમાદી અને સત્વહીન લોકોને સુધારાનો ઝંડો ઉપાડી સુધારાનું બ્યૂગલ "જોસ્સા"થી ફૂક્યું. દેશની દુર્દશાથી ચીરાતા હૃદયના આ વેગીલા શબ્દો વાંચતાં આજે પણ જુવાન લોહી ઘડક-ઘડક ઉછળી રહે તેવાં વીર-કવિનાં ઉદ્‌બોધનો છે.

'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે,
યા હોમ કરીને પડો ફતેહ છે આગે'.
'ધિઃક ધિઃક દાસપણું, દાસપણું !
બળ્યું તમારૂં શાણપણુ...'

પ્રેમ શૌર્ય એ તેનો આદર્શ ગરવી ગુજરાતનો 'ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી પ્રેમ-શૌર્ય અંકિત' એવી મહેચ્છા એવી ગુર્જરમૈયાને કવિ પ્રાર્થ છે.

'તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ-ભકિતની રીત' ગુજરાતી ભાષામાં 'દેશાભિમાન' શબ્દ પણ પહેલો તેણે જ યોજેલો.

'વીર નર્મદનો જીવનવિકાસ'માં પ્રો. જયેન્દ્રરાય ભગવાનદાસ દૂરકાળ લખે છે કે, "નર્મદાશંકર અનેક રીતે આ યુગની સમયમૂર્તિ છે એમ કહી શકાય. એમનામાં કેશવ ચંદ્રસેનનો ભકિતભાવ, મહાદેવ ગોવિંદ રાનડેની દેશસુધારાની વાંછના, બાલ ગંગાધર ટિળકનો સ્વદેશ પ્રેમ, કર્મવીર ગાંધીજીની સ્વદેશની ધગશ અને અરવિંદ ઘોષની અધ્યાત્મતત્ત્વનિષ્ઠા છે. નર્મદનું જીવન એ એક સત્યશોધકનું, અનુભવગ્રાહકનું, વિદ્યાવ્યાસંગીનું અને વિચારવાન મેધાવીનું જીવન હોવાથી એક ક્રમિક વિકાસનું જીવન છે; અને એજ એમના વિચાર પરિવર્તનનો કોયડો ઉકેલવાની કૂંચી છે."

ગુજરાતી ભાષાનો કોશ રચનાર નર્મદ પહેલો છે. કોશ વિશેની વિભાવના સ્પષ્ટ કરતાં તે લખે છે "વર્તમાનમાં ગુજરાતની કોશ સંબંધી મારી આશા આટલી છે કે ગુજરાતી ભાષાનો જયશ્રી દર્શાવનારો પૂર્ણ બળ સૌંદર્યે ઝળાંઝળાં કરી રચેલો એવો કોશ, સરસ્વતીને પ્રસાદે એક વાર જોઉં - એ ઈચ્છા પૂરી પાડવાને તે દેવી પૂર્ણ સ્વતંત્ર, રૂડી ભકતવત્સલ ને પરમ ઉદાર છે"

શ્રી ધૂમકેતુ લખે છે, " નર્મદ ફનાગીરી પથનો ઉપાસક હતો. જયારે જયારે પૃથ્વીમાં અકાળ વૃદ્ધત્વ પ્રગટે છે, ત્યારે એ સડી ગયેલ વાતાવરણમાંથી મરઘીના ખાતરમાંથી, નવસુવાસિત ગુલાબ પૃથ્વીને ખોળે પ્રગટે છે તેમ, ફનાગીરીને પંથે ચાલનારો એકાદ નરવીર જન્મે છે. આ નરવીરની ભાવના એના જીવનને, એના યુગને - એના પછીના યુગને સુવાસિત કરી મૂકે છે... ફનાગીરીને વરનારા સૌ 'સ્વૈચ્છિક લાગણીવાળા ગરીબ' સાહિત્યકારોને નર્મદને આ સૂર-સુરંગગાને બીજે તીરેથી હજી પણ સંભળાતો હશે.

"શંખનાદ સંભળાયે ભૈયા ! શૂરપુરુષને તેડું હો !"

અંતે નર્મદ શતાબ્દી ગ્રંથના વિભાગ-૧ માં, પેજ-૫૧ પર કેળવણી વિશેના નર્મદના વિચારોને ટાંકી સમાપન કરીશ. "માણસે કુદરતી જ હાલતમાં રહેવું એમ નથી, પણ તેણે પોતાના ઉદ્યમમાં પોતાની હાલત વધારે વધારે સારી કર્યા કરવી એવું ઈશ્વરે નિર્માણ કર્યું છે. કુદરતને કેળવ્યાથી વધારે સારી હાલત થાય છે, માટે આપણા મનને પૂરતી કેળવણી આપવી જોઈએ. સ્વભાવરૂપી ઘોડાને વિવેકની લગામ ઘાલી કેળવવો જોઈએ, શરીરને કસરતથી કેળવી તૈયાર કરવું જોઈએ, પણ તેમ વગર વિચારે બળ ન વાપરતાં નિર્બળનું સંરક્ષણ કરવા વગેરેના કામમાં વાપરવું જોઈએ. ધનને ક્ષણ ભંગુર મોજશોખમાં, ક્ષણભંગુર માનના લોભથી નાતવરાને વરઘોડાના ખર્ચમાં ઉડાવી દેવું ન જોઈએ પણ વૃદ્ધકાળ તથા આપત્તિકાળને માટે અને કુટુંબના ભરણ પોષણ તથા બાળકની કેળવણી માટે રાખી વધવું હોય તે દેશીભાઈના સુખને અર્થે પરમાર્થમાં વાપરવું જોઈએ. તન-મન-ધન-બળ કેળવણીથી વધારવાં; ને વ્યવસ્થા હોય તોજ તે વધે માટે વિવેક વ્યવસ્થા રાખતાં શીખવાને પણ કેળવણી જોઈએ. મનની શકિતઓને જ્ઞાન તથા અભ્યાસથી કેળવી, ઉધ્ધત જોસ્સાને વિવેકમાં રાખવો, રીતભાત સુઘડ રાખવી, અવલોકન શકિત તથા વિચાર ડહાપણ વધારવાં, ધર્મનીતિનાં મૂળતત્વ જાણી તેને અનુસરી વર્તવાનો નિશ્ચય રાખવો એ સૌ કેળવણીના વિષયને કર્મ છે."

અંતે,

ગજવીએ ગુર્જરીનો જયકાર !
વીર નર્મદનો જયજયકાર !

સુરતી લાલા સહેલાણી તું સર્વ વાતમાં પૂરો,
જે માન્યું તે કરી દાખવ્યું - નાગરનર તું શુંરો;
નર્મદ શી તારી બલિહારી !
લે લે અંજલિ આજ અમારી.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પ્રતિભાવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું મુખપત્ર "દક્ષિણાયન" છેલ્લા ત્રણ મહિના દરમિયાન, મારી ઈંગ્લેન્ડ યાત્રાને કારણે કલોલમાંની ગેરહાજરી છતાં, ટપાલ દ્વારા નિયમિત રીતે મને મોકલતા રહેવા બદલ, તમારો આભાર માનું છું. જેમ ધંધા-વાણિજયમાં ગ્રાહક-મિત્ર વ્યવહારો કાળજીપૂર્વક જળવાય છે. એવી જ કાળજીથી તમે, મુખપત્રના વાચકો માટે કાળજી રાખો છો, તેની આભાર સાથે નોંધ લેતાં આનંદ થાય છે.

હું ઈંગ્લેન્ડમાં રોકાયો તે ગાળામાં ત્રણેક યુનિવર્સિટીઓની મુલાકાત લેવાનું થયું. University of Leadsનું મુખપત્ર જોઈને તો મને "દક્ષિણાયન" ની યાદ પણ આવી. પરદેશની યુનિવર્સિટીઓની કામકાજની વ્યવસ્થાઓ સાથે આપણી કેટલીક યુનિવર્સિટીઓની વ્યવસ્થાઓ કેટલીક બાબતોમાં મળતી આવતી જોવા મળતી હોય છે. University of Leads ના મુખપત્ર સાથે "દક્ષિણાયન"ને, સરખાવી જોતાં તે સ્હેજે ઉતરતું લાગ્યું નહીં. એ બદલ તમને અભિનંદન આપું છું.

આ સંદર્ભે મે-૨૦૧૦ના અંક-૩૩ના પૃ:૦૬ પરની "વાંચન વિશેષ" ની કોલમ ખૂબ પ્રસ્તુત અને ઘણી ઉપયોગી લાગી. પ્રો.રોબર્ટ હચિન્સે વીસમી સદીની યુનિવર્સિટીઓના સ્વરૂપ વિષે એમાં સૂચવેલાં બે પરિમાણો : (૧) ચર્ચા આધારિત યુનિવર્સિટી અને (૨) સંશોધન આધારિત યુનિવર્સિટી-એ બે સ્વરૂપોના ઉપલક્ષ્યમાં ભારતમાં તો ઠીક, પણ ગુજરાતમાં યુનિવર્સિટી-એ બે સ્વરૂપોના ઉપલક્ષ્યમાં ભારતમાં તો ઠીક, પણ ગુજરાતમાં, યુનિવર્સિટીની કેવી સંકલ્પના ઊભી કરવી જોઈએ તે વિષે પાયાગત રીતે વિચારવાનો સમય પાકી ગયો છે. જો આધુનિક યુગની યુનિવર્સિટી દ્વારા "યુગ માનસ" ઘડવાનું મિશન હાથ ધરવાનું હોય, તો આપણી યુનિવર્સિટીઓએ કરવાની બૂનિયાદી કાયાપલટ અંગે આપણે વિચારવું રહયું.

મને લાગે છે કે ગુજરાતના આજના માહોલમાં પ્રો.હચિન્સના લેખ "યુનિવર્સિટી અને યુગમાનસ" ને Key Resource ના તરીકે લઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી રાજયકક્ષાની ગોષ્ઠિ રાખે તો તેના દ્વારા ઉચ્ચશિક્ષણની વિભાવનાને પુનઃ Define કરવાની દિશામાં ખૂબ ઉપયોગી પ્રદાન કર્યું ગણાશે.

**ડો. દાઉદભાઈ ઘાંચી, શિક્ષણવિદ્**

## Ph.D.



Mrs. Ketki Mistry, Lecturer in Biophysics at M.Sc. Biotechnology Course has been awarded Doctorate Degree (Ph. D.) by University for her work on "Comparative Studies of Hardness absorption and thermal properties of Naf, NaCl and NaF:NaCi mixed Crystal Grown by Solution Method" She completed her work under the Guidance of Dr. I.B. Patel, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat.

## JRF-GATE

યુનિવર્સિટીના ઈકોનોમિકસ વિભાગનાં એસો. પ્રોફે. કીર્તિ એસ. ઝંખારિયાનાં પુત્રી ઉર્મિ એસ. ઝંખારિયાએ જૂન ૨૦૧૦માં લેવાયેલ CSIR-UGC-NET (JRF) તથા ફેબ્રુઆરી-૨૦૧૦માં લેવાયેલ GATE પરીક્ષા ઉત્તિર્ણ કરેલ છે. અભિનંદન.

## પ્રવાસ

યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગનાં એમ.આર.એસ. ભાગ-૧ (સેમેસ્ટર-૧)નાં કુલ ૪૪ વિદ્યાર્થી-વિદ્યાર્થીનિઓને તા. ૨૬-૮, ૨૭-૮-૨૦૧૦ના રોજ શૈક્ષણિક પ્રવાસનાં હેતુઓ સર કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે વિભાગના વડા શ્રીમતિ સ્મિતાબેનનાં માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવ્યો હતો. સદર શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન કૃષિ યુનિવર્સિટીમાં કિટક નિયંત્રણ, જમીન પ્રયોગશાળા, જંગલોની વિવિધ જાતો, રેશમનાં કીડા ઉછેર તેમજ બાગાયતને લગતા વિભાગોની વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ મુલાકાત લઈ સંબંધિત વિભાગના નિષ્ણાંતો સાથે પ્રશ્નોત્તરી કરી જ્ઞાન મેળવ્યું હતું. નવસારી યુનિવર્સિટીના ફોરેસ્ટ્રી વિભાગનાં વડા અને પ્રોફેસર ડૉ. કુકડીયા અને બાગાયતમાં ડૉ. દર્શન ભંડેરી (એસોસિયેટ પ્રોફેસર)એ માર્ગદર્શિત કર્યા હતા. સમગ્ર શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન એમ.આર.એસ. વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી ભોયે દિપકભાઈએ વિદ્યાર્થીઓ સાથે રહી માર્ગદર્શક તરીકેની સુંદર ભૂમિકા ભજવી હતી.

## હિન્દી દિવસ

યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ અંતર્ગત હિન્દી અનુસ્નાતક કેન્દ્રમાં વિભાગના વડા શ્રી ડૉ. દમયંતીબેન પરમારના અધ્યક્ષ સ્થાને મનાવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ હિન્દીનું મહત્વ, હિન્દીના પ્રતિ વધતી જતી ઉદાસીનતા વગેરે વિષયો પર પોતાના વિચારો તથા કાવ્યપઠન અને કબીરના દોહા રજૂ કર્યા હતા. અતિથિ વિશેષ તરીકે નવયુગ આર્ટ્સ કોલેજના નિવૃત પ્રાધ્યાપક ડૉ. વસંતરાવ જાધવ ઉપસ્થિત રહયા હતા. તેમણે 'વર્તમાન હિન્દીની પરિસ્થિતિ' વિષય પર વકતવ્ય આપ્યું હતું. ડૉ. દમયંતીબેન પરમારે અધ્યક્ષીય વકતવ્યમાં હિન્દી પ્રેમ વ્યકત કર્યો હતો અને હિન્દીના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યકત કરી હતી. સમગ્ર

## ઊજવણી

યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા ગુજરાતી અનુસ્નાતક કેન્દ્રના સંયુકત ઉપક્રમે વીર કવિ નર્મદની જન્મ જયંતીની ઊજવણી વિશાળ વિદ્યાર્થી સમુદાયની ઉપસ્થિતિમાં થઈ હતી. જેમાં નર્મદને સ્મરણાંજલિ અર્પતા નર્મદના વિવિધ પાસાઓ અને અર્વાચીનોમાં અગ્રણી કવિ નર્મદે સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં પહેલ કરી તેનો ખ્યાલ ડૉ. વિપિનભાઈ કિકાણીએ આપ્યો હતો. તુલનાત્મક સાહિત્ય વિભાગના ડૉ. દમયંતી પરમારે કવિ નર્મદના સાક્ષર જીવન અને તેના વિવિધ આયામો પર અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. અધ્યાપક મિત્રોએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ નર્મદના જીવન અને સાહિત્યના વિવિધ પાસાઓ પર પોતાના મંતવ્યો પ્રસ્તુત કર્યા હતા. કુ. બલદેવ માધવીએ નર્મદનો વેશ ધારણ કર્યો હતો અને એના જીવન-કવન વિશેની માહિતી પૂરી પાડી હતી તથા વિદ્યાર્થીઓ દ્વારા નર્મદના ગીતોનું શૌર્યગાન પ્રસ્તુત કર્યું હતું. નર્મદના કાવ્યોનું પઠન, 'મારી હકીકત'-ના કેટલાક અંશોનું પઠન તથા નર્મદના સામયિક 'ડાંડિયો'ના સંકલિત અંશોનું વાચન વિદ્યાર્થીઓએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. કલાવતી ચૌધરી તથા કુમારી ડુંગરાણી ભાવનાએ કર્યું હતું અને આભારવિધિ કુમારી મયૂરીએ કરી હતી.

## સ્પર્ધા

યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં તા. ૧૭-૯-૨૦૧૦ના રોજ એમ.એ. તથા એમ.બી.ઈ.ના વિદ્યાર્થીઓ વચ્ચે 'આપણું ગુજરાત' વિષય પર કવીઝ કોમ્પીટીશનનું આયોજન થયું હતું. કોમ્પીટીશનમાં ગુજરાત રાજય સંબંધિત અનેક પાસાઓ જેમકે, અર્થતંત્ર, ઈતિહાસ, ભુગોળ, પર્યાવરણ, વિજ્ઞાન, સાહિત્ય, રમતગમત, રાજકારણ, ઉદ્યોગ વગેરે વિષયોને આવરી લેવાયા હતા. જેમાં પ્રથમ - એમ.એ. ભાગ-૨ના વિદ્યાર્થીઓ કલાઠીયા જય, મૈસુરીયા મોહિની અને દાતા મહોમ્મદની ટીમ વિજેતા રહી હતી. જયારે એમ.એ. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ આહિર ભાનું., તાવેથ્યા જાગૃતી અને વીન્ડુઝા જાગૃતીની ટીમ બીજા ક્રમે રહી હતી. કવીઝ માસ્ટર તરીકે પ્રો. એમ.બી. દવેએ સેવા આપી હતી. વિભાગના વડાશ્રી ડૉ. સુભદ્રા રાગોથામન અને અધ્યાપકો વિજેતાઓને અભિનંદન પાઠવે છે.

## વ્યાખ્યાન

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં યુ.જી.સી. એક્ષચેન્જ ઓફ રિસર્ચ યોજના અંતર્ગત યોજવામાં આવેલી વ્યાખ્યાનમાળાની બીજી શ્રેણીમાં ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચના પ્રો. મયંકભાઈ વાહિયાએ 'અવકાશ વિજ્ઞાનની મૂળભૂત સંકલ્પનાઓ અને વિકાસ' વિષય ઉપર વિસ્તૃત વ્યાખ્યાન આપતાં જણાવ્યું કે, સમય અને સમયમાપનમાં સૂર્ય, ચંદ્ર અને પરિભ્રમણ, અવકાશ વિજ્ઞાનમાં માપન માટે વપરાતાં ઉપકરણો, અવકાશીય ઘટનાઓને કમ્પ્યૂટર પર કેવી રીતે નિદર્શન થઈ શકે તેનું ફોટોગ્રાફ સહિત વર્ણન કર્યું હતું. તદ્પરાંત બીજા વ્યાખ્યાનમાં તેમણે વિજ્ઞાનના ખ્યાલો અને શોધકાર્યની માનસિકતા વિષે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. અધ્યક્ષશ્રી ડૉ. કિશોર પોરિયાએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. આભારવિધિ ડૉ. સુબોધ ગોદરેએ કરી હતી.

# કોલેજ ન્યૂઝ

## ઊજવણી

• બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં કવિ નર્મદની ૧૨૭મી જન્મ જયંતી નિમિત્તે કવિ નર્મદ જીવન-કવન વિષય પર શ્રી રમણભાઈ પાઠકનું વ્યાખ્યાન યોજાઈ ગયું. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે વકતાશ્રીનું પુસ્તકથી અભિવાદન કર્યું હતું.

• સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ જયંતી પ્રસંગે વિદ્યાર્થિની સોની શ્રુતિબેન, સોની કૃતિકાબેન તથા પાટીલ વૈશાલીબેને ડૉ. વિક્રમ સારાભાઈનું જીવન, કૌટુંબિક પરિચય અને તેમની વૈજ્ઞાનિક સિધ્ધિઓ અંગે વિવેચન કર્યું હતું. ડૉ. વિક્રમ સારાભાઈના બાળપણથી લઈને તેમના અવકાશ વિજ્ઞાનની સિધ્ધિઓ અંગે પ્રા. રોબિન્સ ભગતે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન કર્યું હતું. તથા ઉપગ્રહ સંશોધન ક્ષેત્રે ભારતની સિધ્ધિઓને લગતા વિડિયો દ્વારા પ્રશિક્ષણાર્થીઓને અવકાશ વિજ્ઞાન અંગેની ભારતની વિકાસગાથા મ્યુઝિકલ ઈફેકટ સાથે રજૂ કરી હતી. કાર્યક્રમને અંતે પ્રશિક્ષણાર્થીઓને પ્રશ્નોતરી દ્વારા માહિતીનું આદાન પ્રદાન કર્યું હતું.

• કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતની એન.એસ.એસ.ની ૪૦ વિદ્યાર્થિનીઓએ કતારગામ સ્થિત "મહાજન અનાથ બાળાશ્રમ" ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી પ્રસંગે અનાથ બાળકોને રાખડી બાંધી જરૂરીયાત મુજબની કીટ અને ચોકલેટનું વિતરણ કર્યું.

• કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ (બી.સી.એ.), ચીખલીમાં દશાબ્દી મહોત્સવ રજિસ્ટ્રાર શ્રી જ.આર. મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈએ સૌ મહેમાનોને આવકાર્યા બાદ બીસીએના દશાબ્દી મહોત્સવની ઝાંખી કરાવી હતી. પ્રા. એસ.એમ. નાયરે મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઈ. આચાર્યશ્રી અશોકસિંહ સોલંકીએ ૧૦ વર્ષના બીસીએના ઈતિહાસ વિશે કહયું કે છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓ યુનિ.માં ટોપ-૧૦માં સ્થાન પામ્યા છે. આ વર્ષે ટી.વાય. બીસીએમાં ૮૫%માર્કસ (એગ્રીગેટ) મેળવી કુ. લાડ ભાવિ સમગ્ર યુનિ.માં પ્રથમ ક્રમ લાવી કોલેજને યુનિવર્સિટી કક્ષાએ ટોપનું સ્થાન અપાવેલ છે. ટ્રસ્ટીશ્રીઓ શ્વેતલ દેસાઈ, શ્રી દર્શન દેસાઈ તથા શ્રી સલીમભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી કોલેજની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી લાગણી વ્યકત કરી હતી. અધ્યક્ષ સ્થાનેથી રજિસ્ટ્રાર શ્રી જે.આર. મહેતાએ વિદ્યાર્થીઓમાં પરિપકવતા અને ગંભીરતા આવે એના પર ભાર મૂકી અભ્યાસને અનુરૂપ સચોટ જ્ઞાન મેળવવા અપીલ કરીને શુભ કામના પાઠવી હતી. પ્રા. કે.પી. પટેલે આભારવિધિ કરી હતી.

• શિક્ષણ ભારતી કૉલેજ ઓફ એજયુકેશનમાં નર્મદ જયંતીની ઊજવણી પ્રસંગે ઈન્ચાર્જ આચાર્યા નયનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું, તાલીમાર્થીઓ દ્વારા ગીત, નાટક, એકપાત્રીય અભિનય, કાવ્યપઠન, વક્તવ્ય રજુ થયાં.

• શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૨૫-૦૮-૨૦૧૦ના રોજ ગુજરાતી અને સંસ્કૃત દિવસની ઊજવણી કરવામાં આવી હતી. ગુજરાતી દિવસની ઊજવણી માટે વકતવ્ય, ગઝલ, લોકગીત, ગરબા, કાવ્યપઠન અને નાટક અને સંસ્કૃત દિવસની ઊજવણી માટે શ્લોકનું ગાન, નાટક, સંસ્કૃત ભાષાનું સ્થાન-માન, સંસ્કૃત ટૂચકાઓ, સંસ્કૃત ઉખાણાઓ, વકતવ્ય, સુભાષિતો-જેવી કૃતિઓ રજૂ થઈ હતી. ઈ.પ્રા. અનિલભાઈ ટંડેલે સંસ્કૃત ભાષાનું સાંપ્રત સમયમાં ઉપયોગિતા વિશે વકતવ્ય આપ્યું હતું.

• વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે, કોલેજના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ અને નિવૃત્ત કર્મચારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨૯-૦૮-૨૦૧૦ના રોજ કોલેજના સી.ટી.ઈ. ભવનમાં યોજાયો હતો. જેમાં અધ્યક્ષ સ્થાને શ્રી અરૂણચંદ્ર જરીવાળા અને અતિથિવિશેષ પદે શ્રી રંજની કે. મારફતીયા ઉપસ્થિત રહયા હતા.

• સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં શ્રી નર્મદની જન્મ જયંતી પ્રસંગે યોજાયેલ કાર્યક્રમ બી.એડ્. અને પી.ટી.સી. કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ કવિ નર્મદને અને તેમના સાહિત્ય પ્રદાનનું સ્મરણ કર્યું હતું. ચંદ્રકાન્ત ભટ્ટ દ્વારા 'હું નર્મદ' એકપાત્રીય અભિન્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વણકર ધર્મેશ, સોની કૃતિકાબેન, વસાવ દિનાબેને નર્મદનો પરિચય તથા તેમની સાહિત્યયાત્રા થી વાકેફ કર્યા હતા. કાર્યક્રમના અંતે પી.ટી.સી. કોલેજના ઈ.આચાર્ય ફેનિલભાઈ પરમાર દ્વારા પ્રોજેકટર પર કવિ શ્રી નર્મદની જીવનયાત્રા તેમજ તેમના જીવનના અમૂલ્ય ફોટોગ્રાફસની રજૂઆત કરી હતી. આચાર્ય દિવ્યેશભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં નર્મદના જીવનની વિશિષ્ટતાઓ દર્શાવી હતી.

• શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલ મટકીફોડ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ગોવિંદાઓની ભૂમિકા ભજવી, મટકી ફોડી ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને વધાવ્યો હતો. તદ્પરાંત ભજન સ્પર્ધામાં પ્રથમ - જીગીશા એસ.પટેલ, દ્વિતીય - અનિતા વી. ગોહિલ, આદિત્ય કે. પટેલ અને તૃતીય - ઉર્વશી પટેલ અને તૃપ્તિ એમ. પટેલ વિજેતા રહયા હતા.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરત એમ.એડ્.માં 'શિક્ષક દિનની ઉજવણી' પ્રસંગે છ તાલીમાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી.

અંકલેશ્વર પ્રોગેસીવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ્. કોલેજ, ખરોડનો ૨૦મો સ્થાપના પર્વ અને શિક્ષકપર્વની સંયુકત ઉજવણી ડૉ. વી.એ. જોષી (આચાર્ય કોમર્સ કોલેજ, ભરૂચ) તથા મંત્રીશ્રી મહંમદભાઈ ભૈયાતની તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી ડૉ. જોષીએ શિક્ષકોને વર્તમાન સમયમાં રી-થીંકીંગ કરી કામે લાગવા અપીલ કરી. આ પ્રસંગે કોલેજના ૧૯મા મુખપત્ર 'ઉત્કર્ષ' વિમોચન થયું માર્ચ-૨૦૧૦માં એસ.એસ.સીની પરીક્ષામાં પ્રથમ આવેલ કુ.ક્રિના પટેલ (સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય, અંકલેશ્વર) તથા તે શાળાના આચાર્યા શ્રીમતિ ઈલાબેન સુરતિયાનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાધ્યાપકોના માગદર્શન હેઠળ અને પ્રિ. ડૉ. પી.જે. રાજના નેતૃત્વ હેઠળ સંપન્ન થયો.

તા. ૧-૦૯-૧૦ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે કૃષ્ણ જન્મોત્સવ ભાગરૂપે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તથા તા. ૬-૮-૨૦૧૦ના રોજ શિક્ષકદિનની ઊજવણી પ્રસંગે ૨૨ તાલીમાર્થીઓએ વિવિધ ભૂમિકાઓ રજૂ કરી હતી.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતમાં તારીખ ૧૪-૦૯-૨૦૧૦ના રોજ યોજાયેલ 'હિન્દી દિવસની' ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ કાવ્ય પઠન, ગીત, પ્રેમચંદ્રનું જીવન-કવન, હિન્દી સાહિત્યના કવિઓનો પરિચય, કબીરના દોહાનું ગાન, હિન્દી ભાષાનું મહત્ત્વ, નાટક, વકતવ્ય વગેરે કૃતિઓ રજૂ કરી. પ્રા. રાકેશભાઈ પટેલે કાર્યક્રમનું આયોજન એલ.સી.ડી. પ્રોજેકટર દ્વારા રજૂ કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય શિશિરભાઈ ટંડેલે કાર્યક્રમનો પ્રતિભાવ રજૂ કર્યો હતો.

સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજમાં સ્વતંત્ર દિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તદ્‌પરાંત શિક્ષક દિન નિમિત્તે ટી.વાય.એલ.એલ.બી.ના વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષ એલ.એલ.બી.ના વિદ્યાર્થીઓ સમક્ષ અધ્યાપન કાર્ય કર્યું હતું.

જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં તા. ૫-૯-૨૦૧૦ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ અધ્યાપકો અને વહીવટી કાર્યની ભૂમિકા ભજવી હતી. તદ્‌પરાંત 'હિન્દી દિન'ની ઉજવણી પ્રસંગે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના પ્રા. એમ.એન. પટેલે હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર અંગે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. ટ્રસ્ટીશ્રી પંડયાએ 'રાષ્ટ્રભાષા એ સંસ્કારભાષા' પર વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ હિન્દી સાહિત્યની કૃતિઓ રજૂ કરી હતી.

## વ્યાખ્યાન

રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના ઉપક્રમે તા. ૨૦-૮-૧૦ના રોજ "ગુજરાતી ભાષા જોડણી અને અરજી લેખન" વિષય પર વિરમગામ કોલેજના પ્રા. અશ્વિનભાઈ આણદાણીએ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે સાચી જોડણી અંગેના નિયમો તથા અરજી કેવી રીતે લખવી તેની માહિતી આપી હતી.

ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત બી.એડ્. અને એમ.એડ્. કોલેજ, સુરતમાં શ્રી રામચંદ્ર મિશન દ્વારા ધ્યાન-યોગની મહત્તા સમજાવતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. સુંદર અગ્રવાલ અને સુમનબેન દવેએ વિદ્યાર્થીઓને ધ્યાન કરવા માટે પ્રેરિત કર્યા હતા.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોળમાં તા. ૧૪-૮-૧૦ના રોજ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડીન ડૉ. જે.પી. ગોહિલનું "વ્યકિતત્વ વિકાસ' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. આ પ્રસંગે વી.ટી. ચોકસી બી.એડ. કોલેજના પ્રિ. ડૉ. વી.જી. પટેલ અને શ્રી જયેશ પટેલ ઉપસ્થિત રહયા હતા. ઈ.ચા. પ્રિ. શ્રી મનોજ રામીએ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના ઉપક્રમે તા. ૧૮, ૧૯ ઓગષ્ટ ૨૦૧૦ દરમ્યાન યોજાયેલ સંસ્કૃત સંભાષણ વર્ગોમાં ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શિક્ષક તરીકે અમરોલી કોલેજના પ્રા. ભરતભાઈ વ્યાસે સંસ્કૃતમાં વાતચીત અને વ્યાકરણ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજમાં તા. ૧૬-૮-૧૦ના રોજ પૂર્વ પ્રોફે. શ્રી દોલતભાઈ નાયકનું એલ.એલ.એમ. અભ્યાસક્રમ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. તા. ૨૭-૮-૧૦ના રોજ આર્ટસ-કોમર્સ કોલેજ, ખોલવડમાં કાનૂની સેવા સત્તા મંડળ, કઠોરના ઉપક્રમે પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈનું 'રેગીંગ' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. તદ્‌પરાંત આર્ટસ-કોમર્સ કોલેજ, વ્યારા અને આઈ.આઈ.ટી.બી.એડ. કોલેજ, વ્યારામાં પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈનું 'શિક્ષણ અને કાયદા' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

જય ગાયત્રી એડયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં કોલેજ ઓફ એજયુકેશન, ખરોડના ડૉ. ઈન્તેખાનઆલમ કે. અન્સારીનું 'ત્રિપરિમાણદર્શી કોઠો' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. એક શિક્ષક તરીકે પશ્નપત્ર સંરચના કેવી રીતે કરવી તે બ્લૂ પ્રિન્ટની ખૂબ જ સરળ અને સ્પષ્ટ સમજ તેમણે તાલીમાર્થીઓને આપી હતી.

જે.પી. પારડીવાલા આર્ટસ-કોમર્સ કોલેજ, કિલ્લાપારડી લિગલ લિટરસી કલબના નેજા હેઠળ પારડી સીવીલ કોર્ટના ન્યાયાધિશ શ્રી ખંભાતીએ તા. ૧૪-૮-૧૦ના રોજ રેગીંગ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. વકતાશ્રીએ રેગીંગ બાબતનો ઈતિહાસ વર્ણવતા જણાવ્યું હતું કે, ગ્રીસના ઓલિમ્પિક રમતો દરમ્યાન અને વિશ્વ યુધ્ધ દરમ્યાન અને બાદ સિનિયર દ્વારા જુનિયરની સતામણી, હેરાનગતિ થતી હતી. ત્યારથી રેગીંગ શબ્દ અસ્તિત્વમાં આવ્યો. સૌ પ્રથમ ૧૮૯૭માં અમેરિકામાં આ પ્રકારની પજવણી કે સતામણીને કારણે આપઘાતનો કિસ્સો બન્યો. ત્યારબાદ તેના અંગે કાયદા ઘડવાની ફરજ પાડી. આજે નવા જમાનામાં નવી ટેકનોલોજી છે અને તેના દ્વારા પજવણીનાં કિસ્સા બની શકે છે. વિદ્યાર્થી આ બાબતનો ભોગ બને ત્યારે તેણે સત્તામંડળ કે, અધિકારી મંડળને આ બાબતે જાણ કરવી જોઈએ - તો પગલાં લઈ શકાય. હાલમાં રેગીંગ અંગે કાયદો નથી. તેથી પોલીસ ફરીયાદ જ થઈ શકે. તેમણે જણાવ્યું હતું કે, આ બાબતે બે પ્રકારે રજા અમલી બની શકે. સમજાવટ અને જેલની સજા વગેરે. વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલમાં વ્યાખ્યાન માળા અંતર્ગત કાયાવરોહણની લકુલેશ માધ્યમિક શાળાના આચાર્યશ્રી પટેલ ભાઈલાલભાઈ અને ગર્લ્સ હાઈસ્કુલ, કાયાવરોહણના આચાર્ય શ્રી સુધાબેન શાહે સમાજમાં શિક્ષણ અને કેળવણી વિષય ઉપર વ્યાખ્યાન આપ્યાં હતાં.

## ઈનામ વિતરણ

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૮-૮-૨૦૧૦ના રોજ કોલેજ પરિવાર અને ટ્રસ્ટીમંડળના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ટોપ-ટેન વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫૪ વિદ્યાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## પુસ્તક પ્રવચન

વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન બારડોલીમાં તા. ૧૮-૦૮-૨૦૧૦ના રોજ વાંચે ગુજરાત અભિયાન સમિતિ, સુરતના અધ્યક્ષ ડૉ. મહેન્દ્રસિંહ ચૌધરીના હસ્તે પુસ્તક પ્રદર્શન ખુલ્લુ મૂકાયુ હતું. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત મહેમાનોનુ શાબ્દિક સ્વાગત તથા પુસ્તક પુષ્પથી સ્વાગત કરી કોલેજ ગ્રંથાલયના વિવિધ પ્રોજેકટો વિશે માહિતી આપી હતી. અધ્યક્ષ શ્રી ડૉ. મહેન્દ્રભાઈ ચૌધરી, મંત્રી શ્રી અજિતસિંહ સુરમા તથા સહમંત્રી શ્રી ચંદ્રસિંહ રાઠોડ તેમજ ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ઉદ્‌ઘાટન કાર્યક્રમ તથા પુસ્તક પ્રદર્શનમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, પી.ટી.સી. કોલેજના આચાર્યા શ્રીમતી શૈલાબેન ટંડેલ, હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતી દર્શનાબેન ઢીમર, બારડોલી નગર પાલિકાના ચીફ ઓફિસર શ્રી દવે ઉપસ્થિત રહયા હતા.

## એન.એસ.એસ.

- તા. ૧૯-૮-૧૦ના રોજ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત કોલેજ કેમ્પસના સંસ્કાર કેન્દ્રમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રેરિત અને શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના યજમાનપદે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરોનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શ્રી નૂતન કેળવણી મંડળના માનદ્‌મંત્રીશ્રી પી.કે. શાહે કર્યું. મુખ્ય મહેમાન તરીકે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, અતિથિ વિશેષ તરીકે કુલસચિવ શ્રી જે.આ. મહેતા તથા યુનિવર્સિટી એન.એસ.એસ. કોઓર્ડિનેટર શ્રી એ.એન. માલવિયા હાજર રહયા હતા.



ઓરિએન્ટેશનની પ્રથમ બેઠકના પ્રથમ વકતા શ્રીમતી સ્વાતિ દેસાઈ તથા દ્વિતીય વકતા શ્રી અશ્વિનભાઈ અણદાણી હતા. બીજા બેઠકના વકતા તરીકે તિથલ સ્થિત શાંતિનિકેતન સાધના કેન્દ્રના અધ્યક્ષ અને સ્વપ્નદ્રષ્ટા મુનિ કીર્તિચંદ્રજી મહારાજ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં યજમાન કોલેજનાં ઈ.આચાર્યા ડૉ. રશ્મિબેન દેસાઈ ખૂબ જ સક્રિય રહયાં હતાં. અન્ય કોલેજના આચાર્યો ડૉ. હેમાલી દેસાઈ, શ્રી યોગેશ ભટ્ટ, ડૉ. યોગેશ દેસાઈ, શ્રી ખરવાસિયા, ડૉ. હર્ષાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં વિવિધ કોલેજોના ૯૩ એન.એસ.એસ. ઓફિસરો તથા યજમાન કોલેજનો સ્ટાફ ઉપસ્થિત રહયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષાબેન, ડૉ. અશોકભાઈ પટેલ, ડૉ. ગિરિશભાઈ પટેલ તથા પ્રા. સંધ્યાબેન શેલતે કર્યુ હતું. આ કાર્યક્રમની સફળતામાં યજમાન કોલેજના ભૂતપૂર્વ પ્રોગ્રામ ઓફિસરો તથા સમગ્ર સ્ટાફની મહત્વની ભૂમિકા રહી હતી.

- ૬૧માં સ્વર્ણિમ વનમહોત્સવની ઊજવણી પ્રસંગે ગુજરાત સરકારના સામાજિક વનીકરણ વિભાગ તથા શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વરની રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુકત ઉપક્રમે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસદીય સચિવ શ્રી ઈશ્વરસિંહ પટેલ અધ્યક્ષપદે ઉપસ્થિત રહયા હતા. ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલ, જિલ્લા આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ સીતાબેન નાયક, ડી.એફ. ઓ. શ્રી આર.એલ. પટેલ, આર્ટ્સ ફેકલ્ટીના ડીન આચાર્યશ્રી ડૉ. જગદીશ ગૂર્જરે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ભરૂચ જિલ્લા કલેકટરશ્રી ઊપવંતસિંહ, અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ ચંપાબેન વસાવા, ભરૂચ નગરપાલિકા પ્રમુખ શ્રી મારૂતિસિંહ અટોદરીયા તથા કર્મચારીઓ, ખેડૂતો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. આમંત્રિત મહેમાનો તથા રાષ્ટ્રીય સ્વયંસેવકોએ કડકિયા વિદ્યાગ્રામ સંકુલમાં હજાર વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ. ઓફિસર ડૉ. જયશ્રી ચૌધરીએ કર્યું હતું. એન.એસ.એસ. ઓફિસર પ્રા. વર્ષા પટેલે આભારવિધિ કરી હતી.
- આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારામાં રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે કેમ્પસમાં વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું તથા નગરપાલિકા, વ્યારાના સહકારથી અને પ્રા. જે.એલ. ઢીમરના નિવૃત્તિ અભિવાદન વર્ષની ઉજવણીના ભાગ રૂપે વૃક્ષના જતન અને સંવર્ધનની પ્રતિજ્ઞા સાથે ૫૦ વૃક્ષો રોપવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ કોલેજના તમામ વર્ગખંડોની સફાઈ તથા કેમ્પસ સફાઈ કરી. ત્યારબાદ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભકિતગીતની સ્પર્ધા યોજાઈ. જેમાં પ્રથમ - કુ. વાસંતી જાદવ, દ્વિતીય - શ્રી સંજયકુમાર પાડવી અને તૃતીય - કુ. સ્વીનલ ગામીત વિજેતા બન્યા, જેમને સ્મૃતિભેટ આપી નવાજવામાં આવ્યા. કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન આચાર્યશ્રી ડૉ. એચ.વાય. ખરવાસિયા અને ઉપાચાર્યશ્રી પ્રા. જે.એલ. ઢીમર દ્વારા થયું. પ્રો. ઓ. શ્રી પ્રા. એસ.આર. ચૌધરી, શ્રી જી.એમ. દળવી અને પ્રા. શ્રી વી.એમ. ચૌધરી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી.
- આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા અને શ્રીમતિ એન.કે. પટેલ અને શ્રી એલ.કે. પટેલ રકતદાન કેન્દ્ર, વ્યારાના સંયુકત ઉપક્રમે કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના બ્લડ ગ્રુપીંગ અને સિકસ એલ એનિમિયા ટેસ્ટીંગ પણ કરવામાં આવ્યું તથા વિદ્યાર્થીઓને રોગ અંગેની જાણકારી નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી. ૮ મી ઓગષ્ટ અને ૭ મી સપ્ટેમ્બરે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૦ બોટલ રકતદાન કર્યું. વિદ્યાર્થી અજયકુમાર એ. ચૌધરીએ એક ગરીબ દર્દીને તાત્કાલિક લોહીની જરૂર પડતા એક બોટલ લોહી આપ્યું. આ પ્રવૃત્તિ માટે રકતદાન કેન્દ્ર, વ્યારાના સેક્રેટરી ડૉ. અરવિંદભાઈ પટેલ, ડૉ. તેજસભાઈ શાહનું અમૂલ્ય માર્ગદર્શન મળ્યું. ટેસ્ટર તરીકે શ્રી શૈલેશભાઈ કોંકણી, શ્રી અલ્પેશભાઈ આહીર, કુ. માનસી શાહ અને કુ. સુશીલા તિવારીએ સેવા આપી. આચાર્યશ્રી ડૉ. એચ.વાય. ખરવાસિયા, ઉપાચાર્યશ્રી પ્રા. જે. એલ. ઢીમરના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી પ્રો.ઓ. શ્રી પ્રા. એસ.આર. ચૌધરી, પ્રા. જી.એમ. દળવી અને પ્રા. વી. એમ. ચૌધરી દ્વારા સફળ બનાવવામાં આવ્યો.
- શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના ૭૫ વિદ્યાર્થીઓ દ્વારા તા. ૫-૯-૧૦ના રોજ કોલેજ કેમ્પસ તથા પારડી તાલુકાના તરમાલિયા ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- જંબુસર કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા 'સદ્‌ભાવનાદિન' નિમિત્તે ૨૦૦ નંગ નોટબુકનું વિતરણ તાલુકાશાળા, જંબુસરના ગરીબ વિદ્યાર્થીઓ માટે થયું. આ નોટબુક એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ દાનપેટે આપી હતી.
- આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં નિબંધ (૧) પ્રથમ - ચૌહાણ દક્ષા એચ., દ્વિતીય - મેઘના સોલંકી, તૃતીય - ભટ્ટ જીગ્નેશ

બી. દેશભક્તિ ગીત સ્પર્ધામાં પ્રથમ - પરમાર કલ્પેશ જી., દ્વિતીય - ચૌહાણ દક્ષા એચ., તૃતીય - પટેલ દિવ્યેશ એન., મહેંદી સ્પર્ધા પ્રથમ - શાહ તિતીક્ષા તથા શેખ રૂખશાદ એ. દ્વિતીય જાદવ ભૂમિકા જી. તથા ગુપ્તા રંજના એ. તૃતીય - ભટ્ટ જીગ્નેશ બી. તથા બાગુલ યમુના એસ. રહ્યા હતા. આ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે કોલેજના અધ્યાપકો ડૉ. આર. પી. પટેલ, પ્રા. બી.સી. બરૂવાલા, પ્રા. આર. ગરાસીયા, પ્રા. આર.બી. પટેલ તથા પ્રા. જી.વી. દેસાઈએ સેવા આપી હતી. આ સ્પર્ધાઓનું આયોજન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. એ.જી. ચપટવાલા તથા પ્રા. વિનોદ પટેલે કર્યું હતું.

## સ્વર્ણિમ ગુજરાત

શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં 'વાંચે ગુજરાત' અન્વયે 'તરતું પુસ્તક' યોજના હેઠળ વિદ્યાર્થીઓના લાભાર્થે કોલેજ ગ્રંથાલયમાંથી (૧) સ્વવિકાસની ભેટ, (૨) વેદના એટલે, (૩) જીવન મુશ્કેલ છે, (૪) પ્રેમની ભેટ, (૫) મારુ જીવન મારી જ જવાબદારી છે, (૬) ભાષા અંગ્રેજી શબ્દો આપણા, (૭) સત્યના પ્રયોગો, (૮) How the Modern Youth can Comfort Their Problems.- By Swami Harshannanda. પુસ્તકોને તરતાં મૂકવામાં આવ્યા.

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી નિમિત્તે રાજય ઈતિહાસ પરિષદ અને યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૨૮-૮-૧૦ના રોજ જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ ખાતે યોજાયેલ કવીઝ સ્પર્ધામાં માછી મહાજન બી.એડ. કોલેજ, દમણના શ્રી સી.એચ. ભંડારી અને બી.બી. આહિરે પ્રથમ ક્રમ મેળવેલ છે. અભિનંદન.

સ્વર્ણિમ ગુજરાત અન્વયે સપ્તધારાઓ પૈકી જ્ઞાનધારા અંતર્ગત આંતર કોલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન જે. ઝેડ. શાહ આર્ટસ કોલેજ અને એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી મુકામે તા. ૦૮-૦૯-૧૦ના રોજ થયું હતું. વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખની સ્મિતલ સનતકુમાર શાહે ગ્લોબલ વોર્મિંગ વિષય પર દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વર્ણિમ ગુજરાત ઉત્સવ અન્વયે બીલીમોરાની વી.એસ. પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે તા. ૧૦-૦૮-૧૦ના રોજ યોજાયેલ "આંતર કોલેજ જ્ઞાનધારા કવીઝ" સ્પર્ધામાં શ્રી જીજ્ઞેસ વી. સોલંકી તથા કુ. કિશોરી એસ. સગરની ટીમ દ્વિતીય ક્રમે વિજેતા થઈ છે અને તા. ૨૧-૦૮-૧૦ના રોજ કોલેજમાં ઈન્ટર કલાસ શીઘ્રચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર આયોજીત વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં "મને ગમતું પુસ્તક પરિચય" સ્પર્ધા તા. ૧-૯-૧૦ના રોજ યોજાઈ ગઈ. જેમાં પ્રથમ - ચીખલીયા ઉમેશ, બીજો - ગઢાધરા ધર્મેશ ત્રીજો - પટેલ મયંક આઈ. રહયા હતા.

સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે ગુજરાત રાજય ઈતિહાસ પરિષદ અન્વયે વિદ્યામંદિર સોસાયટી સંચાલિત ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત અને યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે દેશભક્તિ ગીત સ્પર્ધા તા. ૨૬-૮-૧૦નાં દિને વાડિયા વિમેન્સ કોલેજ, સુરત ખાતે યોજાઈ ગઈ. જેમાં યુનિવર્સિટી સંલગ્ન ૪૫ કોલેજનાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના કુલસચિવ શ્રી જે.આર. મહેતાએ કર્યું હતું. સ્વાગત પ્રવચન અને મહેમાનોનું સ્વાગત પ્રિ. ડૉ. અશોક દેસાઈએ કર્યું હતું. નિર્ણાયક તરીકે બનારસી યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર ડૉ. અર્ચનાબેન દીક્ષિત અને શ્રી શૌનક પંડયાએ સેવા આપી હતી. નિર્ણાયકોનો પરિચય યુનિવર્સિટીના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહ નિયામક શ્રી કપિલદેવ શુકલએ આપ્યો હતો. આભારવિધિ પ્રા. કે.એન. ઘેલોતે કરી હતી. સંચાલન પ્રા. વર્ષા વાંઝા અને સોની પૂનમે કર્યું હતું. વિજેતાઓ : પ્રથમ : પારેખ નીલ (સર કે.પી. ઈવનીંગ કોલેજ, સુરત), દ્વિતીય : દવે અરૂણા (ઝેડ. એફ. વાડીયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય : (૧) દશપુત્રે નિધિ (શિક્ષણ ભારતી એજયુકેશન કોલેજ), (૨) શાહ હિરલ (દિનશા લો કોલેજ, નવસારી) અને (૩) વાઘેલા ભદ્રેશ (નવયુગ સાયન્સ કોલેજ, સુરત). પ્રથમ વિજેતાને રૂા. ૩૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂા. ૨૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂા. ૧૦૦૦/- રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. પ્રથમ અને દ્વિતીય ક્રમના વિજેતા રાજય કક્ષાએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમ માટે કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ, જે.આર. મહેતા, શ્રી કપિલદેવ શુકલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

જે.ઝેડ. શાહ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અને પ્રા. જે.બી. શાહ સ્પોન્સર્ડ હેઠળ તા. ૧-૦૯-૧૦ના રોજ આંતર કોલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજના વિદ્યાર્થી દેસાઈ વૈભવ મુકેશભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગીત સંગીત નૃત્યધારા સ્વર્ણિમ ગુજરાતના ઉપક્રમે શ્રી એમ.આર. દેસાઈ આર્ટસ એન્ડ ઈ.ઈ.લ.કો. કોમર્સ કોલેજ, ચીખલીમાં તા. ૨૩-૭-૧૦ના દિને મહેંદી હરિફાઈ યોજાઈ હતી. જેમાં બારોટ કિંજલ આર., સોઢાણી જયોતિ આર., સંતવાણી સપના જે. તથા પઠાણ નાઝિયા એસ. ક્રમશઃ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમે રહયા હતા. તા. ૨૬-૦૭-૧૦ના દિને આરતી શણગાર તથા કેશગૂફન સ્પર્ધામાં પટેલ હેતલ બી., પારેખ દિપાલી જી. તથા પટેલ ઉર્મિલા એ. ક્રમશઃ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમે રહયા હતા. લાડ પ્રિતી જી.એ કેશગૂફન સ્પર્ધામાં ઈનામ પ્રાપ્ત કર્યું હતું. તા. ૧૪-૦૮-૧૦ના દિને યોજાયેલ 'ગરવી ગુજરાતના ગુર્જર ગીતો'ની સ્પર્ધામાં લાજવંતી પટેલ, ભૂમિકા પટેલ, ઉર્મિલા, રેઝ્સ પટેલ ક્રમશઃ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ સાયન્સ, બીલીમોરામાં 'સ્વર્ણિમ ગુજરાત'ના જ્ઞાનધારા કાર્યક્રમ અંતર્ગત તા. ૧૮-૮-૧૦ના રોજ બ્ર.કુ. યુનિતભાઈ મહેતાનું પોઝીટીવ એટીટયૂડ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં વકતાશ્રીએ જણાવ્યું કે મનુષ્યાત્મા જે દુઃખ અને અશાંતિનો અનુભવ કરે છે તેના મૂળમાં નકારાત્મક વિચારો જવાબદાર છે. વકતાશ્રીનું સ્વાગત પ્રિ. ડૉ. એમ.એન. વશીએ કર્યું હતું.

સ્વર્ણિમ ગુજરાત અન્વયે સપ્તધારા-સમુદાય સેવાધારા અંતર્ગત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં એન.એસ.એસ. વિભાગ, ફેમિલિ ફિઝીશ્યન એસોસીએશન, સુરત. અમરોલી મેડીકલ સર્કલ, લાયન્સ કલબ ઓફ સુરત, નોર્થના સંયુકત ઉપક્રમે 'મફત આંખની તપાસ અને રાહતદરે ચશ્મા વિતરણ કાર્યક્રમ" અને હાઈ-બ્લડ પ્રેસર અને ડાયાબીટીસના દર્દીઓ માટેનો મેડીકલ કેમ્પનું તા. ૨૨-૦૮-૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ જેટલા દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પમાં "સુનયન ચશ્મા ઘર" ડૉ. મનોજભાઈ ભટ્ટ, તથા ડૉ. મેહુલ ભાવસાર (એમ.ડી. ફીઝીશ્યન) અમરોલી મેડીકલ સર્કલના પ્રમુખશ્રી, ડૉ. ભવ્યેશ સોલંકી, ફેમિલી ફિઝીશ્યન એસોસીએશન, પ્રમુખશ્રી ડૉ. મનસુખ એસ. ગટીવાલા, હોદ્દેદારો તથા પ્રિ. ડૉ. કે.એન. ચાવડા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. એન.બી.બારિયા, પ્રા. વી.એમ. ચૌધરી, પ્રા. જે.ડી. વાછાણી, વિગેરે હાજર રહયા હતા.

## શિબિર

- વલસાડ જીલ્લા સહકારી સંઘ દ્વારા જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લાપારડીના અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ તથા પ્લાનીંગ ફોરમમાં ઉપક્રમે તા. ૮-૮-૧૦ થી ૧૩-૮-૧૦ સુધી સહકારી તાલીમ શિબિરની આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા સહકારી સંઘના હોદ્દેદારોએ લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સહકારી પ્રવૃત્તિ અંગેની તાલીમ પુરી પાડી હતી.
- રોફેલ આર્ટસ કોમર્સ કોલેજ, વાપી ખાતે તા. ૧૭-૧૮ સપ્ટે. ૧૦ દરમ્યાન યોજાયેલ વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં ટી.વાય.બી.કોમ.ના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ શિબિરમાં વનરાજ આર્ટસ-કોમર્સ કોલેજ, ધરમપુરના પ્રિ. શ્રી યોગેશભાઈ ભટ્ટે યાદશકિત અને કે.બી.એસ. હશિયા કોલેજ, વાપીના પ્રિ. ડૉ. સુનીલભાઈ મરજાદીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વ્યકિતત્વ વિકાસ પર માર્ગદર્શન આપ્યું હતું. કેરિયર મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ, વલસાડના શ્રી દિપેશભાઈ શાહે તજજ્ઞ તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના મોક ઈન્ટરવ્યૂ ગોઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે નગરપાલિકા, વાપીના પ્રમુખશ્રી તથા સી.ઈ.ઓ. દ્વારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

## મંડળ

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા (વેસુ), સુરતમાં ગણિત-વિજ્ઞાન મંડળની રચના થઈ. જેમાં અતિથિ વિશેષ તરીકે વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજના આચાર્ય શ્રી ડૉ. વિનોદભાઈ પટેલ તેમજ સંસ્થા પરિવાર હાજર રહયા હતાં. ડૉ. વિનોદભાઈ પટેલે ગણિત-વિજ્ઞાનના વિષયને આવરી લઈ વક્તવ્ય રજૂ કર્યું. કાર્યક્રમમાં 'મેટ્રિકસ' પુસ્તક ખુલ્લું મુકાયું. તે ઉપરાંત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, કોયડા, ગીત, વિજ્ઞાનના પ્રયોગ, નાટક રજૂ થયા.

## સેમિનાર

બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારીમાં તા. ૬-૮-૧૦ના રોજ ઈન્ડસ્ટ્રીયલ મોટીવેશન કેમ્પેઈન ફોર ડેવલપમેન્ટ ઓફ ન્યુ એન્ટરપ્રાઈઝ સેમિનારનું આયોજન ટી.વાય.બી.એસસી.ના કેમીસ્ટ્રી-ફીઝીકસના વિદ્યાર્થીઓની હાજરીમાં એમએસએમઈ ડીસ્ટ્રીકટ સેલવાસા દ્વારા કરવામાં આવ્યું. જેમાં શ્રી આર. કે. પરમાર અને શ્રી રાકેશ દેસાઈએ પ્રવચન આપ્યું હતું. ઈ. પ્રિ. ડૉ. દીનાબેન ચાંપાનેરીએ વકતાઓનું સ્વાગત અને પરિચય આપ્યો હતો. વાઈસ આચાર્યશ્રી કેપ્ટન આર.એન. ઠાકોરે સેમિનારની માહિતી આપી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**પાનખરનાં ગુલાબ.** એમ.સી. ચાગલા. અનુ. જયા ઠાકોર.
અમદાવાદ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૭૫. પૃ. ૬૭૨. કિંમત રૂા. ૫૦.૦૦

શ્રી ઈનવેરાટીટી, સ્ટોન્ગમેન, ચીમનલાલ સેતલવાડ, ઝીણા, સર જમશેદ કાંગા, કોલ્ટમેન, ન્યાયમૂર્તિ સર લીઓનાર્ડ સ્ટોન, તારાપોરવાલા, મોતીલાલ સેતલવાડ, સર ચીમનલાલ, ક.મા. મુનશી, ભગવતી, એમ.વી. દેસાઈ, એમ.પી. અમીન, દફતરી ન્યાયમૂર્તિ સર જહોન બોમોન્ટ, તેંડુલકર, ગુપ્તે, નાડકર્ણી, કોયાજી, એચ.ટી.દેસાઈ, સર વિઠ્ઠલ ચંદાવરકર, જહાંગીર વકીલ, ન્યાયમૂર્તિ રાંઝેકર, એસ.જી. વેલીકર, વડા ન્યાયમૂર્તિ મેકલોડ, વિઠ્ઠલભાઈ પટેલ, કે.એફ. નરીમાન, મોતીલાલ નહેરુ, કલકત્તાના પ્રસિધ્ધ ધારાશાસ્ત્રી લેન્ગફોર્ડ જેમ્સ જેવા પ્રસિધ્ધ વકીલો અને ન્યાયમૂર્તિઓ સાથે કાર્ય કરનાર અને મંત્રીમંડળમાંથી રાજીનામું આપી ફરીથી વકીલાત કરનાર, બાર એસોસિએશનના પ્રમુખ, મુંબઈ યુનિવર્સિટીમાં એલ.એલ.બી.ની પરીક્ષાના પરીક્ષક, ગવર્નમેન્ટ લો કોલેજમાં ડૉ. બી.આર. આંબેડકર સાથે ખંડ સમયના વ્યાખ્યાતા અને મુંબઈ યુનિવર્સિટીના કુલપતિ શ્રી એમ.સી. ચાગલાની આત્મકથા એટલે પાનખરનાં ગુલાબ.

લેખકનું આ પુસ્તક કુલ ૧૭ પ્રકરણોમાં સમાવિષ્ટ છે. આ પ્રકરણોમાં ૧. શા માટે આત્મકથા ?, ૨. શાળા અને મહાશાળા, ૩. ઓકસફર્ડ, ૪. વકીલ મંડળ (બાર), ૫. રાજકારણ, ૬. મદદનીશ ન્યાયધીશ, ૭. વડા ન્યાયમૂર્તિ, ૮. કાર્યકારી રાજયપાલ, ૯. જીવન વીમા કોર્પોરેશન તપાસ, ૧૦. આંતરરાષ્ટ્રીય અદાલત, ૧૧. સંયુકત રાષ્ટ્રો અને દક્ષિણ આફ્રિકા, ૧૨. રાજદૂત-પદ : યુનાઈટેડ સ્ટેટસ, મેકસીકો અને કયૂબા, ૩.યુનાઈટેડ કિંગડમ, ૧૩. શિક્ષણ મંત્રી, ૧૪. કાશ્મીર, ૧૫. વિદેશી બાબતોલક્ષી મંત્રી, ૧૬. રાષ્ટ્રપતિઓ, વડાપ્રધાનો અને લોકસભા તથા ૧૭. અંગત. કોઈ નાનો વકીલ વકીલાતના ક્ષેત્રમાં પ્રવેશ કરે ત્યારે એની સામે શું પડયું હોય છે તે લેખક જણાવે છે. પુસ્તકના પાને પાને આપણને લેખકના અનુભવો જોવા મળે છે. રાજકારણ વિષે લેખક દર્શાવે છે કે... કોઈ સારો મહારાષ્ટ્રી હોઈ શકે, કે સારો ગુજરાતી હોઈ શકે, પરંતુ આ એક સંકુચિત વફાદારી છે. વિશાળ વફાદારી તો સમગ્ર દેશ માટે સાચવી રાખવી જોઈએ, કારણ બધા જ મહારાષ્ટ્રી, ગુજરાતી અને બંગાળીઓ એ દેશના અંગો છે. ભારતના ભાગલા, ત્રીજી ગોળમેજી પરિષદ, ઝીણા અને મોરારજી દેસાઈ સાથેની મુશ્કેલીઓ અને લેખકના સમયની રાજકીય પરિસ્થિતિનું વર્ણન અને વિવિધ ફોટોગ્રાફસ પણ આપણને જોવા મળે છે.

કાયદાશાસ્ત્ર, ન્યાય ક્ષેત્ર અને રાજકારણ સાથે સંકળાયેલ સૌકોઈએ આ પુસ્તકનું વાંચન કરવું રહયું. આ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બી. જે. અંકુયા, મદદનીશ ગ્રંથપાલ

> આખી દુનિયામાં પરમેશ્વર જોવાનું ભાગ્ય તો પ્રાપ્ત થાય ત્યારે ખરું. પરંતુ આપણને જે સાથી-મિત્ર મળ્યા છે, એમને આપસમાં એકબીજા માટે કોઈ શંકા ન રહે, તો પરમેશ્વરની આપણા પર પૂર્ણ કૃપા થઈ એમ આપણે માનવું જોઈએ. એટલાથી આપણું કામ ચાલશે. આગળ સર્વત્ર હરિ દેખાશે. ભગવાનને રોજ પ્રાર્થના કરું છું કે પ્રભુ, અમને સહુને અન્યોન્ય વિશ્વાસ આપજો.
>
> વિનોબા ભાવે


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : Shri J R Mehta, Registrar



Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com